# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-07-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

## આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને માલદીવના રાષ્ટ્રપતિ વચ્ચે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો બાદ અનેક કરારો પર હસ્તાક્ષર કરાયા
2) ભારતે માલદીવને 4 હજાર 850 કરોડ રૂપિયાની ધિરાણ સહાય આપી
3) વિપક્ષ દ્વારા વિવિધ મુદ્દાઓ પર હોબાળાને કારણે રાજ્યસભા અને લોકસભા  સોમવાર સુધી સ્થગિત
4) ભારતીય સેના માટે એર ડિફેન્સ ફાયર કંટ્રોલ રડાર ખરીદવા માટે સંરક્ષણ મંત્રાલયે બે હજાર કરોડ રૂપિયાના કરાર કર્યા
5) દિલ્હી પોલીસે 100 કરોડ રૂપિયાનો માદક પદાર્થનો જથ્થો જપ્ત કર્યો

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## PM-Moldovian talks

ભારત અને માલદીવ વચ્ચે આજે માલે સ્થિત રાષ્ટ્રપતિ કાર્યાલયમાં પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો થઈ. આ વાટાઘાટોમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઇઝુ, વિદેશ મંત્રી એસ. જયશંકર, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને બંને દેશોના અન્ય વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

અગાઉ, પ્રધાનમંત્રી મોદી અને રાષ્ટ્રપતિ મુઇઝુએ દ્વિપક્ષીય બેઠકમાં પરસ્પર હિતના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી. માલે પહોંચ્યા બાદ રિપબ્લિક સ્ક્વેર ખાતે પ્રધાનમંત્રી મોદીને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રી મોદીને 21 તોપોની સલામી પણ આપવામાં આવી હતી. રાષ્ટ્રપતિ મુઇઝુ પણ તેમની સાથે હાજર હતા. સ્વાગત સમારોહ દરમિયાન માલદીવના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા.

સ્વાગત સમારોહમાં, પ્રધાનમંત્રી મોદીએ માલદીવના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરી હતી જ્યારે રાષ્ટ્રપતિ મુઇઝુએ વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ સહિત ભારતીય અધિકારીઓને મળ્યા હતા. પ્રધાનમંત્રી મોદીએ રાષ્ટ્રપતિ કાર્યાલય ખાતે મુલાકાતી પુસ્તક પર પણ હસ્તાક્ષર કર્યા હતા.

..........

## India Maldives

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને માલદીવના રાષ્ટ્રપતિએ માલેમાં મોહમ્મદ મુઇઝો વચ્ચે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો બાદ આજે ભારત અને માલદીવ વચ્ચે અનેક કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. વાટાઘાટો પછી, પ્રધાનમંત્રી મોદીએ માલદીવના ઐતિહાસિક 60મા સ્વતંત્રતા દિવસ પર રાષ્ટ્રપતિ અને માલદીવના લોકોને અભિનંદન પાઠવ્યા.

(બાઇટ – પ્રધાનમંત્રી મોદી ON 60 YEARS )

. . . . . . . . . .

# India-Moldova-MoU

ભારતે માલદીવને 4 હજાર 850 કરોડ રૂપિયાની ધિરાણ સહાય આપી છે.

**(BYTE – PM ON MALDIVS DEVELOPMENT)**

આ સહાયથી દેશભરમાં મુખ્ય માળખાગત સુવિધાઓ અને વિકાસ પ્રોજેક્ટ્સને ભંડોળ પૂરું પાડવાની અપેક્ષા છે. માલદીવની વાર્ષિક દેવાની ચુકવણીની જવાબદારીઓ ઘટાડવા માટે એક સુધારા કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ ભારત દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલી અગાઉની ધિરાણ સહાય પર આધારિત છે. બંને દેશોએ આજે ચાર સમજૂતી કરાર અને ત્રણ કરારો પર હસ્તાક્ષર કર્યા. આ કરારો માછીમારી

અને જળચર ઉછેર, ડિજિટલ સમાધાન અને ભારતીય ફાર્માસ્યુટીકલ્સની માન્યતાના ક્ષેત્રમાં છે.

માલદીવમાં UPI શરૂ કરવા માટે નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા-NPCI ઈન્ટરનેશનલ પેમેન્ટ્સ લિમિટેડ અને માલદીવ્સ મોનેટરી ઓથોરિટી વચ્ચે નેટવર્ક-ટુ-નેટવર્ક કરાર પર પણ બંને દેશો વચ્ચે હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. બંને દેશો વચ્ચે ભારત-માલદીવ મુક્ત વેપાર કરાર માટે શરતો પર પણ સંમતિ સધાઈ હતી.

શ્રી મોદીએ ભારતની ખરીદનાર ક્રેડિટ સુવિધાઓ હેઠળ હુલહુમાલેમાં બાંધવામાં આવેલા 3 હજાર 300 સામાજિક આવાસ એકમોનું ઉદ્દઘાટન કર્યું. પ્રધાનમંત્રીએ માલદીવમાં અડ્ડુ શહેરના રોડ અને ડ્રેનેજ સિસ્ટમના પ્રોજેક્ટ્સનું પણ ઉદ્ધાટન કર્યું. શ્રી મોદી માલદીવના સંરક્ષણ મંત્રાલયના ભવનનું ઉદ્ધાટન પણ કરશે.

. . . . . . . . .

## PM-Article

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ઐતિહાસિક ભારત- બ્રિટન વ્યાપક આર્થિક અને વેપાર કરાર ભારતીય ખેડૂતો, માછીમારો, કારીગરો અને નાના વેપારીઓને સશક્ત બનાવશે.

શ્રી મોદીએ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલના એક લેખનો ઉલ્લેખ કરતી વખતે સોશિયલ મીડિયા પોસ્ટમાં આ ટિપ્પણી કરી હતી. લેખનું શીર્ષક છે - મહત્વપૂર્ણ કરાર - 2030 સુધીમાં બમણો વેપાર.

. . . . . . . . .

## Lok Sabha-Rajya Sabha-Adjournment

વિપક્ષ દ્વારા વિવિધ મુદ્દાઓ પર કરેલા હોબાળાને કારણે રાજ્યસભા અને લોકસભાની કાર્યવાહી સોમવાર સુધી સ્થગિત કરવામાં આવી હતી.

બપોરે બે વાગે ગૃહની કાર્યવાહી શરૂ થતાં વિપક્ષી સભ્યોએ સૂત્રોચ્ચાર ચાલુ રાખ્યો, જેના કારણે અધ્યક્ષને ગૃહને દિવસભર માટે સ્થગિત કરવાની ફરજ પડી હતી.

અગાઉ, જ્યારે રાજ્યસભા સવારે ૧૧ વાગ્યે શરૂ થઈ, ત્યારે તમિલનાડુથી રાજ્યસભામાં નવા ચૂંટાયેલા સભ્યોએ શપથ લીધા હતા.

. . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---

## BJP-Prime Minister Modi

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દેશના બીજા સૌથી લાંબા સમય સુધી અવિરત રહેનારા પ્રધાનમંત્રી બન્યા છે. આજે નવી દિલ્હીમાં ભાજપના પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકોના જનાદેશથી આ સિદ્ધિ મેળવી છે. તેમણે કહ્યું કે શ્રી મોદીએ 4 હજાર 78 દિવસનો સતત કાર્યકાળ પૂર્ણ કર્યો છે, જે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ઇન્દિરા ગાંધીનો રેકોર્ડ તોડી નાખે છે. શ્રી ત્રિવેદીએ કહ્યું કે પ્રધાનમંત્રી મોદીનો કાર્યકાળ વિકાસના સુવર્ણ પ્રકરણોથી ભરેલો રહ્યો છે.

. . . . . . . . . .

## INDIA – BRITAN - GUJARAT

ભારત અને બ્રિટન વચ્ચે થયેલા મુક્ત વ્યાપાર સમજૂતી કરારથી ગુજરાત રાજ્યને ફાર્માસ્યુટીકલ્સ, કેમિકલ્સ, એન્જિનિયરીંગ ગુડ્સ, મરીન ઉત્પાદનોની નિકાસમાં વધારો થવાથી લાભ મળશે. જેમાં અમદાવાદના ફાર્માસ્યુટીકલ્સ, સુરત અને ભરૂચના કેમિકલ્સ, રાજકોટના એન્જિનિયરીંગ ગુડ્સ, વેરાવળના સી ફૂડ અને ગુજરાત રાજ્યના સૂક્ષ્મ, અતિસૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો – MSME ને બ્રિટનના બજારમાં સરળ પ્રવેશનો લાભ મળશે.

. . . . . . . . . .

## Defense Radars

ભારતીય સેના માટે એર ડિફેન્સ ફાયર કંટ્રોલ રડાર ખરીદવા સંરક્ષણ મંત્રાલયે ભારત ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડ સાથે બે હજાર કરોડ રૂપિયાના કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ ફાયર કંટ્રોલ રડાર ફાઇટર એરક્રાફ્ટ, હેલિકોપ્ટર અને દુશ્મન ડ્રોન સહિત તમામ પ્રકારના હવાઈ ખતરાઓને શોધી શકશે. આ હવાઈ સંરક્ષણ રેજિમેન્ટના આધુનિકીકરણમાં અને ભારતીય સેનાની ઓપરેશનલ તૈયારીમાં વધારો કરવા માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ સાબિત થશે.

. . . . . . . . .

# Delhi Drugs

દિલ્હી પોલીસ ગુના નિવારણ શાખાએ એક આંતરરાષ્ટ્રીય માદક પદાર્થની દાણચોરી કરતી ટુકડીનો પર્દાફાશ કર્યો છે. પોલીસે જણાવ્યું હતું કે આ ટુકડીનો મુખ્ય આરોપી નાઇજીરીયન નાગરિક છે, તેની પણ ધરપકડ કરવામાં આવી છે.

પોલીસે જણાવ્યું હતું ભારતમાં રહેતા વિદેશી નાગરિકોનો ઉપયોગ કરીને માદક પદર્થોની દાણચોરી કરતી હતી. અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ, દાણચોરો પાસેથી સાડા ચાર કિલોગ્રામથી વધુ માદક પદાર્થનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે, જેની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત 100 કરોડ રૂપિયા છે.

. . . . . . . . .

## Brave India Rally

વાયુસેનાના વડા એર ચીફ માર્શલ એપી સિંહે આજે નવી દિલ્હીના એરફોર્સ સ્ટેશનથી શૌર્ય ભારત કાર રેલીને લીલી ઝંડી આપી હતી. આ રેલીનો ઉદ્દેશ્ય ઓપરેશન સિંદૂરની સફળતાની યાદ અપાવવાનો અને સશસ્ત્ર દળોના બહાદુરીનું સન્માન કરવાનો છે. આ રેલી હવે વાયુસેના સ્ટેશન અંબાલા થઈને વાયુસેના સ્ટેશન આદમપુર પહોંચશે અને રવિવારે પૂર્ણ થશે.. આ રેલી લગભગ આઠસો કિલોમીટરનું અંતર કાપશે.

..........

## Vaishnava - Simhastha

રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને રેલ્વે રાજ્યમંત્રી રવનીત સિંહ બિટ્ટુએ નાસિક ખાતે 2027 માં ત્ર્યંબકેશ્વર સિંહસ્થ કુંભ માટે રેલ્વેની યોજનાઓની વિસ્તૃત સમીક્ષા કરી. રેલ્વે મંત્રાલયે 2027 માં નાસિક-ત્ર્યંબકેશ્વર સિંહસ્થ કુંભ માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે.

શ્રી વૈષ્ણવે અધિકારીઓને પ્રયાગરાજ મહાકુંભ 2025 ના અનુભવથી નજીકના તમામ રેલવે સ્ટેશનો પર પૂરતી સુવિધાઓ વિકસાવવા સલાહ આપી.

..........

## Election Commission- Bihar

ચૂંટણી પંચે કહ્યું છે કે બિહારમાં ખાસ સઘન સુધારા હેઠળ 99.8 ટકાથી વધુ મતદારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. 22 લાખ મતદારો મૃત મળી આવ્યા છે. 35 લાખથી વધુ મતદારો કાયમી રીતે વિસ્થાપિત થયા છે અને 7 લાખ મતદારો એક કરતાં વધુ સ્થળોએ નોંધાયેલા છે. લગભગ એક લાખ 20 હજાર મતદારોના ગણતરી ફોર્મ હજુ પ્રાપ્ત થયા નથી. ડ્રાફ્ટ મતદાર યાદી 1 ઓગસ્ટના રોજ પ્રકાશિત કરવામાં આવશે.

..........